


શહેરમાં સંવત્સરી પ્રસંગે સામુહિક પ્રતિક્રમણ - ગાંધીનગરમાં જૈનોના પર્વાધિરાજ મહાપર્વ પર્યુષણના સમાપન પ્રસંગે સેકટર-૨૨માં જૈન દેરાસર ખાતે સામુહિક ક્ષમાપના પ્રક્રિયાના ભાગરૂપે સંવત્સરી પ્રતિક્રમણ યોજાયું હતું. આ ઉપરાંત સવારે અહીં 'બારસા સૂત્ર'નું વાંચન પણ કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં શહેરના જૈન શ્રાવકો આ ધાર્મિક પ્રસંગમાં જોડાયા હતા અને સંવત્સરી પ્રતિક્રમણ બાદ સૌએ એકબીજાને હાથ જોડી 'મિચ્છામી દુક્કડમ' કહી ક્ષમાયાચના કરી હતી. સંવત્સરી પર્વ એટલે વ્યકિતના વ્યવહારથી લઈને વિચાર સુધી જાણે અજાણે થેયલા ખોટા કર્મો અંગે સ્વીકારભાવ કેળવી પશ્ચાતાપની ભાવના સાથે ક્ષમાયાચના પ્રાર્થી મનને માંજવાનું પર્વ છે. આ પર્વની ઉજવણીના ભાગરૂપે શહેરના સેકટર-૨૨માં જૈન દેરાસર ખાતે ચાતુર્માસ માટે પધારેલા, જૈનાચાર્યોની ઉપસ્થિતિમાં સંવત્સરી પ્રતિક્રમણ યોજાયું હતું. જેમાં શહેરના શ્વેતાંબર જૈન શ્રાવકોએ મોટી સંખ્યામાં સુતરાઉ કાપડના ધોમ ખેસમાં સજ્જ થઈ સામુહિક પ્રતિક્રમણ કર્યું હતું. આ પહેલા સવારે જૈન મંદિર ખાતે જેમાં બારસો જેટલી કથાઓ સંમ્મિલિત છે તેવા 'બારસા સુત્ર'નું પૂજન તથા વાંચન કરવામાં આવ્યું હતું. આવતીકાલથી શહેરના તપસ્વી શ્રધ્ધાળુઓના પારણાં યોજાશે. ઉલ્લેખનીય છે કે શહેરમાં ૪૦થી વધુ જૈન તપસ્વીઓએ અઠ્ઠાઈ કે તેથી વધુ દિવસના તપધાન કર્યા છે.

# મનપા રસ્તા રિપેરીંગ માટે ૩.૩૧ કરોડ પાટનગર યોજનાને આપશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરમાં જે રસ્તાઓ તુટી ગયા છે તેના રિપેરીંગ માટે મનપા ૩.૩૧ કરોડ જેટલી રકમ પાટનગર યોજનાને આપશે.

મનપાના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો જે સેકટરોના આંતરિક રસ્તાઓને ચોમાસામાં નુકશાન થયુ છે તેનો સર્વે મનપા અલગથી કરાવશે અને તે યાદી પાટનગર યોજનાને આપી તેના રિપેરીંગ માટે જ આ નાણાં ખર્ચવામાં આવે તેવી શરત રાખશે.

ગાંધીનગર મનપાએ અગાઉ રસ્તા રીપેરીંગ માટે ૮ કરોડથી વધુ રકમ પાટનગર યોજના હસ્તક મુકી હતી પરંતુ તમામ સેકટરોના આંતરિક રસ્તાઓનું રિપેરીંગ કામ થયુ ન હતુ. આથી મનપા હવે પોતે સર્વે કરાવી આ યાદી આપશે અને પાટનગર યોજના તે કામ કરશે.

તાજેતરમાં મળેલ સ્થાયી સમિતિની બેઠકમાં આ રસ્તાઓના મુદ્દે સારી એવી ચર્ચાઓ થઈ હતી. આ પછી સરકારમાંથી મળેલ ગ્રાન્ટ સીધે સીધી ન ફાળવતાં આ શરતો સાથે ફાળવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

આ બધી જ કામગીરી આગામી પખવાડિયામાં પૂર્ણ થઈ જશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે અને દિપાવલીના સમયે આ રીપેરીંગનું કામ હાથ પર લેવામાં આવશે.

# દિવેલા અને શાકભાજી પાકોના વાવેતર વિસ્તારમાં ઘટાડો જોવા મળ્યો

## અનિયમિત ચોમાસાના પગલે વાવેતર વિસ્તારમાં પણ ઘટાડો નોંધાયો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં થયેલા સારા પાછોતરા વરસાદને કારણે ખરીફ સિઝનનું વાવેતર ૧,૨૫,૨૩૫ હેકટરમાં થવા પામ્યુ છે. જે અગાઉના વર્ષોની સરખામણીમાં થોડુક જ ઓછુ છે.

જિલ્લામાં પાછોતરા વરસાદનો પગલે દિવેલાના વાવેતરમાં સારો વધારો થયો છે જોકે અગાઉના વર્ષોની સરખામણીમાં છ હજાર હેક્ટર જેટલુ ઓછુ નોંધાયુ છે. દિવેલાનું વાવેતર ૨૦ હજાર હેક્ટરમાં થયુ છે. આ ઉપરાંત શાકભાજીના વાવેતરમાં પણ અગાઉના વર્ષોની તુલનામાં વાવેતર ઓછુ જરૂર થયુ છે. શાકભાજીના પાકોનું વાવેતર ૧૨ હજાર હેક્ટરમાં થવા પામ્યુ છે.

કપાસનું વાવેતર ૨૩,૫૮૮ હેક્ટર, મગફળીનું વાવેતર ૬૧૬૨ હેક્ટર, તલનું વાવેતર ૧૬૬ હેક્ટર, અડદ ૧૮૩ હેક્ટર, મઠનું વાવેતર ૧૩ હેક્ટરમાં, તુવેરનું વાવેતર ૬૨ હેક્ટરમાં, બાજરીનું વાવેતર ૩૧૦૩ હેક્ટરમાં અને ડાંગર પિયતનું વાવેતર ૧૧૯૦૦ હેક્ટરમાં થયુ છે.

ડાંગર પિયત, બાજરી તથા તેલીબિયા પાકોના વાવેતરમાં સુધારો થયો છે જ્યારે પારંપારિક પાકોનું વાવેતર ઘટવા પામ્યુ છે.

જોકે હજુ દિવેલાનું વાવેતર થોડાક ગ્રામ્ય વિસ્તારમાં ચાલુ છે પણ તે અગાઉના વર્ષોની તુલનામાં ઘટશે એ વાત નક્કી છે.



જિલ્લામાં કઠોળ પાકોનું વાવેતર મોટા પ્રમાણમાં ઘટવા પામ્યુ છે અને તે માટે અનિયમિત ચોમાસુ મુખ્ય કારણ હોવાનુ ખેડૂતોનું કહેવુ છે.

જિલ્લાની ક્રોપ પેટર્નમાં બદલાવ જોવા મળ્યો છે. દિવેલાનો વાવેતર વિસ્તાર ઘટવા પામ્યો છે.

શાકભાજીના પાકોના વાવેતર વિસ્તારમાં પણ ઘટાડો એક હજાર હેક્ટર જેટલો નોંધાયો છે. રોકડિયા પાક તરીકે ગણાતા શાકભાજીના બજાર ભાવ જુદા અને ખેડૂતોના વેચાણ ભાવ વચ્ચેનો તફાવત આ માટે મુખ્ય કારણભુત હોવાનુ ખેડૂતોનું કહેવુ છે.

# નર્મદા ડેમની સપાટી ૧૩૫ મીટરના ઐતિહાસિક સ્તરે

**બે વર્ષથી વધુ સમય માટે પાણીની સમસ્યાનો અંત : સરદાર સરોવર બંધની નક્કી સપાટી ૧૩૮.૬૨ મીટરની છે : આવક હજુય વધશે : ગુજરાતભરમાં ખુશીનું મોજુ**

અમદાવાદ, તા.૨

સરદાર સરોવર નર્મદા ડેમની સપાટીમાં સતત વધારો નોંધાઈ રહ્યો છે. આજે નર્મદા ડેમની સપાટી ૧૩૫ ફૂટની ઐતિહાસિક સપાટીએ પહોંચી છે. સરકારના ટોચના સુત્રો મુજબ, સપ્ટેમ્બરના પહેલા વીકમાં નર્મદાની સપાટી ૧૩૮ મીટર સુધી લઈ જવાનું આયોજન છે. જો હજુ પણ આ જ રીતે ઉપરવાસમાં વરસાદ પડશે અને નવા નીરની આવક થશે તો આગામી ચારથી પાંચ દિવસમાં નર્મદાની સપાટી ૧૩૮ મીટર સુધી પહોંચશે. નર્મદા ડેમમાં પાણીની સારી આવક થઈ જતાં હવે રાજ્યમાં બે વર્ષ સુધી પાણીની કટોકટીમાંથી મુક્તિ મળશે. ઉલ્લેખનીય છે કે, નર્મદા ડેમની કુલ સપાટી ૧૩૮.૬૨ મીટર છે. નર્મદા બંધના ઉપરવાસમાંથી ૨ લાખ ૧૮ હજાર ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જેને પગલે નર્મદા ડેમના ૧૦ દરવાજા ૧.૫ મીટર ખોલવામાં આવ્યા છે. જેમાંથી ૧ લાખ ૮૮ હજાર ક્યુસેક પાણી ડેમમાંથી છોડાતા નદી બે કાંઠે વહી રહી છે. નર્મદાનો ગોરા બ્રિજ ફરીવાર ડૂબી ગયો છે. જો, નર્મદાની સપાટી ૧૩૮ મીટર પર પહોંચશે તો મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના કાંઠા વિસ્તારના આસપાસના ૧૦ ગામો ડૂબી શકે તેમ છે. હાલ તેમના પુનર્વસનની કામગીરી પણ ચાલુ કરી દેવામાં આવી છે. હાલ નર્મદા બંધ પર આરબીપીએચના ૬ ટર્બાઈનમાંથી ૨૮ હજાર ૭૬૪ મેગાવોટ વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. જ્યારે સીએચપીએચના ૪ યુનિટ ચાલુ કરાતા ૪ હજાર ૮૧૧ મેગાવોટ વીજ ઉત્પાદન થઈ રહ્યું છે. આમ લગભગ ૩૩ હજાર મેગાવોટ વીજળીનું ઉત્પાદન થઈ રહ્યું છે. નર્મદા ડેમમાં હાલ ૪૬૭૦ મિલિયન ક્યુબિક મીટર લાઈવ સ્ટોરેજ પાણીનો જથ્થો સંગ્રહિત થઈ ગયો છે. જે દરવાજા લાગ્યા બાદ સૌથી વધુ જળ સંગ્રહ છે.

# સે-૧૬ માં સર્વિસ માર્ગ પર ગટરના દુષિત પાણીનો ભરાવો

**બેંકો , સરકારી કચેરીઓ સહીત કોર્મશિયલ કોમ્પલેક્ષ ધરાવતા આ વિસ્તારમાં ખદબદતી ગંદકીથી મુલાકાતીઓ ત્રસ્ત : અનેક રજુઆતના અંતે પણ સમસ્યાનો ઉકેલ આવતો નથી : રોગચાળાનો ખતરો**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં ગટરો ઉભરાવાની સમસ્યા જટીલ બની છે. સેકટરોમાં ગટરોના દુષિત પાણી ફરી વળતા લાંબા સમય સુધી ફરિયાદોનો નિકાલ આવતો નથી. સે-૧૬ માં પણ બેંકો અને કોર્મશિયલ કોમ્પલેક્ષ સહીત સરકારી કચેરીઓ કાર્યરત છે તેવા ઠેકાણે છેલ્લા ઘણાં સમયથી ગટરોના દુષિત પાણી ફરી વળ્યા છે. જેના લીધે અવરજવર કરતા મુલાકાતીઓ પણ ગુંગળામણ અનુભવી રહ્યા છે. આ મામલે અનેક રજુઆતના અંતે પણ સમસ્યાનો નિકાલ આવતો નથી. ગટરોના દુષિત પાણીનો ભરાવો થતા ગમે ત્યારે રોગચાળો માથુ ઉંચકે તેવી દહેશત પણ પ્રબળ બની છે.

શહેરમાં ગટરો ઉભરાવાની સમસ્યા દિનપ્રતિદિન જટીલ બની રહી છે. સેકટરોની સોસાયટીઓમાં પણ અવારનવાર ગટરના દુષિત પાણીનો ભરાવો થતો નજરે પડે છે. જેના લીધે સ્થાનિક રહીશોએ પણ અવારનવાર ગુંગળામણ અનુભવવાનો વારો આવે છે. સેકટરોમાં વારંવાર ગટરોના દુષિત પાણીનો ભરવો થતા સ્થાનિક રહીશોએ હાલાકી વેઠવાનો વારો આવે છે. સેકટરોમાં ગટરોની સમસ્યા જુની અને જટીલ છે. દાયકાઓ જુની ગટર લાઈનના લીધે વારંવાર લાઈન ચોક અપ થઈ જતા સ્થાનિકોને મુંઝવણમાં મુકાવાનો વારો આવે છે. સે-૧૬ માં બેંકોની શાખાઓ તેમજ સરકારી કચેરીઓ અને શોપિંગ કોમ્પલેક્ષ સ્થિત છે તેવા વિસ્તારમાં છેલ્લા ઘણાં સમયથી ગટરોનુ દુષિત પાણી ફરી વળે છે. સેકટરમાં સ્થિત પંજાબ નેશનલ બેંકની સામે છેલ્લા ઘણાં સમયથી ગટરનુ દુષિત પાણી ઉભરાય છે. ગટરોના ઉભરાતા દુષિત પાણીના લીધે આ વિસ્તારમાં અસહ્ય દુર્ગંધ ફેલાય છે. જયારે ખદબદતી ગંદકીના લીધે સ્થાનિકો તેમજ અવરજવર કરતા મુલાકાતીઓને પણ હાલાકી વેઠવી પડે છે. આ વિસ્તારમાં રોજ બરોજ મોટી સંખ્યામાં મુલાકાતીઓની અવરજવર રહે છે જયારે બેંકો તેમજ કાર્મશિયલ કોમ્પલેક્ષ નજીક જ ગટરોનુ દુષિત પાણી ઉભરાય છે. જેના લીધે આમ નાગરિકોને અહીંથી પસાર થવાનુ પણ મુશ્કેલ બન્યુ છે. શહેરના સેકટરોમાં પણ આ સમસ્યા વધુ જટીલ બની છે. મેન પાવર અને મશીનરીના અભાવે ગટરો ઉભરાવાની સમસ્યા વધુ પેચીદી બની છે. આ સ્થિતિ વચ્ચે ગમે ત્યારે રોગચાળો ફેલાય તેવી દહેશત છે. આ અંગે સ્થાનિક જાગૃતો દ્વારા તંત્ર સમક્ષ અનેકવાર રજુઆત કરવા છતા હજુ સુધી કોઈ પગલા લેવાયા નથી. આ સમસ્યાનુ ત્વરિત નિરાકરણ આવે તે માટે પણ પ્રબળ માંગ કરવામાં આવી છે.

# શહેરમાં વાજતે-ગાજતે દુંદાળાદેવની પધરામણી













**શ્રીજીની દિવ્ય મુર્તિની ભવ્ય શોભાયાત્રા આસ્થા અને આકર્ષણનુ કેન્દ્ર બની : ગણપતિ બાપા મોરીયાના જયઘોષથી સેકટરોમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થઇ : ભાવિકો ગણેશજીના દર્શન કરી ધન્યતા અનુભવી : સેકટરોમાં ઠેર ઠેર શોભાયાત્રાનુ ભવ્ય સ્વાગત : ડિ જે ની સુરાવલી વચ્ચે બુલેટ સવાર અને ઘોડે સવાર યુવાનો પણ જોડાયા**

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં આજે ગણેશોત્સવના પ્રારંભે સવારથી જ ભાવિકોમાં અનોખો ઉત્સાહ જોવા મળ્યો હતો. સેકટરોમાં દુંદાળા ગણેશજીની વિવિધ દિવ્ય અને ભવ્ય મુર્તિની શોભાયાત્રા ભાવિકોમાં આસ્થા અને આકર્ષણનુ કેન્દ્ર બની હતી. ડિ જે નાસુર બેન્ડની સુરાવલી તેમજ ઘોડે સવાર અને બુલેટ સવાર યુવાનો પણ શોભાયાત્રાનુ આકર્ષણ બન્યા હતા. ગણપતિ બાપા મોરીયાના જયઘોષથી શહેરમાં અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ હતી. શોભાયાત્રાનુ સેકટરોમાં ભાવિકોએ ભવ્ય સ્વાગત કર્યુ હતુ. ગણેશજીના દર્શન કરી સેકટરવાસીઓએ ધન્યતા અનુભવી હતી. શહેરમાં વિવિધ ૬ સ્થળો પર શ્રીજીની ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. જેમાં મોટી સંખ્યામાં નગરના અગ્રણીઓ અને ભાવિકો જોડાયા હતા.

ગાંધીનગરમાં આજે ગણેશોત્સવના પ્રારંભે શ્રીજીની ભવ્ય અને દિવ્ય મુર્તિની શોભાયાત્રા યોજવામાં આવી હતી. સેકટરોમાં વિવિધ ઠેકાણે અલ્ટ્રા મોર્ડન ગણેશોત્સવની ઉજવણીનુ આયોજન કરાયુ છે. ગણેશોત્સવના પ્રારંભે આજે સવારે સેકટરોમાં ગણપતિ બાપા મારીયાના જયઘોષ સાથે ઠેર ઠેર શ્રીજીની મુર્તિની ભવ્ય શોભાયાત્રા નિકળી હતી. નગરના માર્ગો પર ડી જેના સુર વચ્ચે ગણપતિ બાપા મોરીયાનો જયનાદ ગુંજયો હતો. શોભાયાત્રામાં મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા. સેકટરોની શેરીઓમાં અબીલ ગુલાલની ઉડતી છોળો વચ્ચે દુંદાળા દેવના ઓવારણા

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com